અપીલ અરજી નં.૩૬૩ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રેકટર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રેકટરની તા. ૨–૯–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રેવન્યુ સર્વે નં.૫૭/૧,૫૭/૨,૫૮ અને ૬૨વાળી જમીનની બાંધકામની રજાચિઠ્ઠી ટી.ડી.ઓ.નં.૧૧૩૩, બી.એસ.આર.નં.૧૨૧૬ તા. ૧૭–૦૩–૮૭માં ગેરકાયદેસર રીતે ચેડાં કરી સર્વે નં.૬૩ અને ૬૪ ઉમેરી તેમાં બિનઅધિકૃત બાંધકામ કરવા અંગે બળવંતરાય સોમાભાઈ વિગેરે સામે કરેલી ફરિયાદ તા. ૪–૮–૧૦ના રોજની ફરિયાદ અંગે જે કોઈ કાર્યવાહી થઈ હોય તેની માહિતી આપવા મહેરબાની કરશોજી વિ.માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૩/૨૦૧૧–૧૨

શ્રી ડો.રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રેકટરની તા. ૨–૯–૧૧ની અરજીથી મોજે મજુરાનાં રેવન્યુ સર્વે નં.૫૭/૧ ,૫૭/૨,૫૮ અને ૬૨વાળી જમીનની બાંધકામની રજાચિઠ્ઠી ટી.ડી.ઓ.નં.૧૧૩૩, બી.એસ.આર.નં.૧૨૧૬ તા.૧૭–૦૩–૮૭ માં ગેરકાયદેસર રીતે ચેડાં કરી સર્વે નં.૬૩ અને ૬૪ ઉમેરી તેમાં બિનઅધિકૃત બાંધકામ કરવા અંગે બળવંતરાય સોમાભાઈ વિગેરે સામે કરેલી ફરિયાદ તા. ૪–૮–૧૦ના રોજની ફરિયાદ અંગે જે કોઈ કાર્યવાહી થઈ હોય તેની માહિતી આપવા મહેરબાની કરશોજી વિ.માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ/૨૬૭ તા. ૨૬–૦૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિષય–વસ્તુ બાબતે દફતરી હકીકત નકલ સહ વિશેષ કરીને ૫૭ / ૧, ૫૭/૨ અને ૫૮,૬૨ વાળી મિલકત અંગે સ્પષ્ટ કરવા તથા વધુમાં અરજદારના અપીલમાંના દાવા અંગે માગેલ માહિતીના બદલે સર્વે નં.૬૫ ની માહિતી આપેલ છે તે અંગે પણ હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૫૫ તા.૧૧–૧૧–૧૧ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૨૨ તા.૩–૯–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૬૭ તા.૨૬–૯–૧૧ થી નિયત સમય અવધિમાં " આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી તેમની તા.૨–૯–૧૧ ની અરજી આઈ ડી નં.૭૬૪ માં જણાવેલ વિગતો મુજબ માહિતી અન્વયે નકલ ફી ના રૂા.૧૦/– મધ્યસ્થ શહેર વિકાસ કચેરીએ ભરપાઈ કર્યેથી સદર માહિતી ઈસ્યુ કરવામાં આવશે જે જાણશો. તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૩૯૫૨૬૫ તા.૫–૧૦–૧૧ થી રૂા.૧૦/– દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ. જે બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૫૭/૧,૫૭/૨, ૫૮ અને ૬૨ વાળી જમીનના બાંધકામની રજાચિઠ્ઠીમાં ગેરકાયદેસર રીતે ચેડા કરી બિન અધિકૃત બાંધકામ કરવા માટે તા.૪–૮–૧૦ ની કરેલી ફરીયાદ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે તેની માહિતી આપવા અરજી કરી હતી તેનો કોઈ જવાબ આપવામાં આવી નથી. અને કાર્યવાહી કરવામાં આવી છે તે જણાવી નથી.(૨) રૂા.૧૦/– ભરપાઈ કરી જે નકલો આપવામાં આવી છે તે રે.સ. નં.૬૫ તા.૩–૮–૧૧ ના રોજ કરેલી ફરીયાદને લગતી કાર્યવાહીની નકલો છે. તેમજ તે માહિતી મોજે રે.સ. ૫૭/૧,૫૭/૨, ૫૮ તથા ૬૨ અંગેની ફરીયાદ સાથે સુસંગત નથી. (૩) સદર મિલ્કત અંગેની માહિતી માંગેલ હતી પરંતુ અમોને રે.સ. નં.૬૫ અંગેની આપવામાં આવેલ છે. (૪) રે.સ. નં.૬૩ થી ૬૫ રજાચિઠ્ઠીમાં પાછળથી ઉમેરેલા હોવાનું સુરત મહાનગપાલિકા કમિ.શ્રીને તા.૪–૮–૧૦ ના રોજ અરજીથી જાણ કરવામાં આવેલ તેમજ રે.સ. નં.૫૭/૧–૨ , ૫૮ તથા ૬૨ માં મંજુર થયેલ પ્લાનની ઓરીજનલ કોપી ડે.કમિ.(પીએન્ડડી) ને રૂબરૂ બતાવી અરજીની નકલ પણ તેઓને આપેલ હોવા છતાં સુરત મહાનગપાલિકા તરફથી કોઈ પગલા લેવામાં આવ્યા હોય તેમ જણાતું નથી. રજાચિઠ્ઠીની ઓરીજનલ કે સુરત મહાનગપાલિકાના રેકર્ડ પરની નકલ મળતી નથી એવું અને ફાઈલ રેકર્ડ પરથી ગુમ થઈ છે એવું આરટીઆઈ હેઠળની માહિતી માંગતા જણાવવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને રૂા.૧૦/– ભરપાઈ કરી આપેલી નોંધ વિભાગની વિગતો અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ છે. જેમાં રે.સ. નં.૬૫, ટીપી સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) અને ફા.પ્લોટ નં.૮૪ બાબતેનો રીપોર્ટ તા.૩૧–૧–૧૧ ના રોજ કરવામાં આવેલ. ત્યાર બાદ તા.૧૮–૪–૧૧ થી રીપોર્ટ કરવામાં આવેલ. તેની નકલ તથા બંને પક્ષકારોના સુનાવણી રીપોર્ટની નકલો પૂરી પાડવામાં આવેલ છે. સદરહુ વિગતો જોતાં અરજદારને અરજીમાં જણાવેલ રે.સ. નંબર બાબતેનો તે અરજદારની તા.૪–૮–૧૦ ની ફરીયાદ અરજી બાબતેની અરજીની કાર્યવાહી બાબતેનો કોઈ ઉલ્લેખ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીને અપીલ તબકકે તે બાબતે તેમનો પક્ષ રજૂ કરવા જણાવેલ પરંતુ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ અરજદારને તેમની તા.૪–૮–૧૦ ની ફરીયાદ અરજી બાબતે થયેલ કાર્યવાહી કે ન થયેલ કાર્યવાહી અંગેની વિગતો અન્યથા જરૂર જણાયે તપાસણી પૂરી પાડી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. બંને પક્ષકારો તરફથી અરજદારની તા.૪–૮–૧૦ ના રોજ આપેલી ફરીયાદ અરજીની વિગતો પણ રજૂ થયેલ નથી. કે તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી.

અરજદારની સરખા વિષય–વસ્તુ બાબતે અપીલ નં. ૩૭૬ તા. ૪–૩–૧૧થી કરેલ અપીલ અંગે દફતરી તપાસણી પુરી પાડી માહિતી આપવા હુકમ કરેલ છે. તેમજ સરખા વિષય બાબતે અપીલ નં. ૩૭૭તા. ૪–૩–૧૧માં અન્ય અરજદાર ધ્વારા કરેલ સરખી અપીલ બાબતે સુનાવણી રાખી અપીલ અંગે દફરતી તપાસણી પુરી પાડી માહિતી આપવા હુકમ કરેલ છે. જે અંગે હુકમની વિગતો એસએમસીની વેબસાઈડ www. suratmunicipal. gov.in પર પણ મુકવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ તપાસણી પૂરી પાડી મુળ અરજીથી માંગેલ માહિતીના પરિપ્રેક્ષ્યમાં સમાવિષ્ટ તમામ બાબતો માટે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭ ની અવધિમાં અરજદારને તપાસણી પૂરી પાડી માંગે તે નકલો ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા તથા થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) જાણ તથા અમલ માટે....
(૨) શ્રી ડો.રાજેન્દ્ર હીરાલાલ કોન્ટ્રેકટર